શ્રમ આયુકતની કચેરી,
ગુજરાત રાજય,
બ્લોક નં-3, પ્રથમ માળ.
E1, E2, F2 વિંગ્સ,
સેક્ટર-૧૦ એ, કર્મયોગી ભવન, ગાંધીનગર
E-mail: asc-bgact-labour@gujarat.gov.in

---

સમય-મર્યાદાઃ ટોચ અગ્રતા

ક્રમાકઃ શ્ર.આ-૭(૪)/જીએસઈ/ગ્રા.પં.ચૂ/૨૦૨૫/ ૯૬૭ તારીખઃ- ૦૫/૬/૨૦૨૫

વંચાણે લીધોઃ- (૧) રાજય ચુંટણી આયોગ, સચિવાલય, ગાંધીનગરનાં પત્ર ક્રમાંકઃ રાચઆ/ચટણ/ સ્થા. સ્વ/૧૧૦(૨)/૦૫૨૦૨૫-ક/૧૮૧૨૮૨ થી ૧૮૧૪૬૧, તા. ૨૮/૦૫/૨૦૨૫

(૨) રાજય ચુંટણી આયોગ, સચિવાલય, ગાંધીનગરનાં પત્ર ક્રમાંકઃ રાચઆ/ચટણ/ ગપ-૨૯(૯)-૦૫૨૦૨૫-ક/૧૮૧૮૯૦ થી ૧૮૧૯૫૯, તા. ૨૯/૦૫/૨૦૨૫

## પ રિ પ ત્ર

રાજય ચુંટણી આયોગ, ગાંધીનગરનાં પત્ર ક્રમાંકઃ રાચઆ/ચટણ/ સ્થા.સ્વ/૧૧૦(૨)/૦૫૨૦૨૫-ક/૧૮૧૨૮૨ થી ૧૮૧૪૬૧, તા. ૨૮/૦૫/૨૦૨૫ થી આ સાથેના "પત્રક-અ" માં દર્શાવેલ ઉક્ત વંચાણે લીધેલ ક્રમ નં. (૨)થી જણાવ્યા મુજબ ૨૪-કડી(અ.જા) વિધાનસભા મતવિભાગમાં સમાવિષ્ટ કડી અને જોટાણા તાલુકા તથા ૮૭-વિસાવદર વિધાનસભા મતવિભાગમાં સમાવિષ્ટ વિસાવદર, ભેંસાણ, જૂનાગઢ (ગ્રામ્ય) અને અમરેલી જીલ્લાના બગસરા તાલુકાની તમામ ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતો સિવાયની ગ્રામ પંચાયતોની ચૂંટણી તારીખ-૨૨/૦૬/૨૦૨૫, રવિવાર ના રોજ યોજાનાર છે.

રાજ્ય ચૂંટણી પંચના તા. ૦૪/૦૩/૨૦૦૯ના પરિપત્ર ક્રમાંક: રાચપ-ચટણ-સ્થાસ્વ-૧૧૦-૩૨૦૦૯-કથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી અનુસંધાને કરવાની થતી કાર્યવાહી અંગે આપેલ સૂચનાઓના મુદ્દા નં. (એચ) અંતર્ગત મતદાનના દિવસે સ્થાનિક રજા જાહેર કરવા/વૈકલ્પિક વ્યવસ્થા કરવાના ભાગરૂપે કામદારોને મતદાન કરવા જવા માટે છૂટ આપવાના હુકમો કરવાના રહે છે.

આથી, રાજયમાં તારીખ-૨૨/૦૬/૨૦૨૫,ના રોજ યોજાનાર ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ માટે ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ) એકટ-૨૦૧૯ હેઠળ

(૧) મત આપવાનો અધિકાર ધરાવતી દરેક વ્યકિત કોઇપણ દુકાન અથવા સંસ્થામાં નોકરી કરતી હોય અને અઠવાડિક રજા ચૂંટણીના દિવસ તા.૨૨/૦૬/૨૦૨૫ના રવિવારના રોજ ન આવતી હોય તેવા કર્મચારી/કામદાર માટે વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારી/કામદારોને મતદાન માટે

વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવામાં આવે અથવા જે દિવસે અઠવાડિક રજા હોય તે દિવસે સંસ્થાઓ ચાલુ રાખીને અવેજીમાં/બદલીમાં મતદાનના દિવસે રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

(૨) ઉપર જણાવેલ બાબત એવા કોઈપણ મતદારોને લાગુ નહીં પડે કે તે જ્યાં નોકરી કરે છે ત્યાં તેની ગેરહાજરીને કારણે ભયજનક પરિસ્થિતિ ઉભી થાય તેમ હોય અથવા તેની ગેરહાજરી વ્યાપક નુકશાનમાં પરિણમે તેમ હોય.

(૩) ઉપર જણાવેલ બાબત રોજમદાર/કેજ્યુઅલ કામદારોને પણ લાગુ પડશે.

બિડાણઃ- ઉપર મુજબ

શ્રમ નિયામક,
ગુજરાત રાજય, ગાંધીનગર.

ક્રમાંકઃ શ્ર.આ-૭(૪)/જીએસઈ/ગ્રા.પં.ચૂ/૨૦૨૫/ ૬૬૮૧

તારીખઃ- ૦૫/૬/૨૦૨૫

પ્રતિ,

નકલ સવિનય રવાનાઃ-

(૧) અગ્ર સચિવશ્રી, શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૨) અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,ગાંધીનગર.

(૩) નાયબ સચિવશ્રી, (પ્રોટોકોલ) સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૪) નાયબ સચિવશ્રી, શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૫) સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ,બ્લોક નં.૯, કઠ્ઠો માળ,સચિવાલય,ગાંધીનગર તા.૨૮/૦૫/૨૦૨૫ના પત્ર ક્રમાંક: રાચઆ/ચટણ/ સ્થા.સ્વ/૧૧૦(૨)/૦૫૨૦૨૫-ક/૧૮૧૨૮૨ થી ૧૮૧૪૬૧ અન્વયે જાણ સારૂ.

(૬) સેકશન અધિકારીશ્રી, શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૭) નાયબ શ્રમ આયુકતશ્રી,અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ તાબાની તમામ કચેરીને જાણ કરવી.

(૮) નિયામકશ્રી, માહિતી અને પ્રાસારણ ખાતું, બ્લોક નં. ૧૯, જુના સચિવાલય,ગાંધીનગર તરફ આ સાથે સામેલ પ્રેસનોટ સમય-મર્યાદામાં પ્રસિધ્ધ કરવા સારૂ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૯) સિલેકટ ફાઇલ.

# તારીખ. ૨૨/૦૬/૨૦૨૫ના રોજ રાજ્યની ગ્રામ પંચાયતો ચૂંટણીઓ

## પ્રેસનોટ

### શ્રમયોગીઓને મતદાન માટે રજા આપવા સુચના

રાજયના શ્રમ આયુકતશ્રી એક યાદીમાં જણાવે છે કે, રાજ્યની ગ્રામ પંચાયતોની ચૂંટણી મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રવિવારના રોજ સવારના ૭-૦૦ વાગ્યાથી સાંજના ૦૬-૦૦ વાગ્યા સુધી યોજનાર છે. ત્યારે જે તે વિસ્તારના ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ) એકટ-૨૦૧૯ હેઠળ નોંધાયેલ સંસ્થાઓના શ્રમયોગીઓ/કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે આ દિવસે ચૂંટણી હેઠળના સમગ્ર વિસ્તારમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારી/કામદારોને મતદાન માટે વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવામાં આવે અથવા જે દિવસે અઠવાડિક રજા હોય તે દિવસે સંસ્થાઓ ચાલુ રાખીને અવેજીમાં/બદલીમાં મતદાનના દિવસે રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

" પત્રક - ૨૫ "

| તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજનાર સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ હેઠળની ગ્રામ પંચાયતોની અંદાજિત સંખ્યાની વિગતનું પત્રક | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લો | સામાન્ય/વિભાજન/મધ્યસત્ર | પેટા | કુલ |
| 1 | અમદાવાદ | 64 | 177 | 241 |
| 2 | અમરેલી | 114 | 193 | 307 |
| 3 | અરવલ્લી | 151 | 65 | 216 |
| 4 | આણંદ | 159 | 100 | 259 |
| 5 | કચ્છ | 166 | 241 | 407 |
| 6 | ખેડા | 91 | 182 | 273 |
| 7 | ગાંધીનગર | 110 | 86 | 196 |
| 8 | ગીર સોમનાથ | 54 | 99 | 153 |
| 9 | છોટાઉદેપુર | 124 | 60 | 184 |
| 10 | જામનગર | 266 | 61 | 327 |
| 11 | જૂનાગઢ | 84 | 131 | 215 |
| 12 | ડાંગ | 60 | 1 | 61 |
| 13 | તાપી | 40 | 56 | 96 |
| 14 | દાહોદ | 283 | 84 | 367 |
| 15 | દેવભૂમિ દ્વારકા | 85 | 61 | 146 |
| 16 | નર્મદા | 54 | 58 | 112 |
| 17 | નવસારી | 56 | 82 | 138 |
| 18 | પંચમહાલ | 155 | 111 | 266 |
| 19 | પાટણ | 310 | 70 | 380 |
| 20 | પોરબંદર | 19 | 37 | 56 |
| 21 | બનાસકાંઠા | 386 | 231 | 617 |
| 22 | બોટાદ | 44 | 62 | 106 |
| 23 | ભરૂચ | 67 | 148 | 215 |
| 24 | ભાવનગર | 362 | 104 | 466 |
| 25 | મહીસાગર | 99 | 101 | 200 |
| 26 | મહેસાણા | 455 | 75 | 530 |
| 27 | મોરબી | 63 | 129 | 192 |
| 28 | રાજકોટ | 64 | 243 | 307 |
| 29 | વડોદરા | 247 | 84 | 331 |
| 30 | વલસાડ | 64 | 69 | 133 |
| 31 | સાબરકાંઠા | 267 | 128 | 395 |
| 32 | સુરત | 75 | 136 | 211 |
| 33 | સુરેન્દ્રનગર | 50 | 173 | 223 |
| **Total** | | **4688** | **3638** | **8326** |